dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

September 2011 | For private circulation only | Vol. 03 - Issue 66

પરિવર્તનશીલ હોય એને યુવાન કહેવાય, અનેક શબ્દોમાં કહું તો પ્રયોગશીલ, પ્રગતિશીલ, વિકાસશીલ, સંવેદનશીલ હોય, નવું કરવા ને અપનાવવા તૈયાર હોય એ યુવાનીમાં આવી જાય. આગળ જુએ એ યુવાન, અને પાછળ જુએ તે વૃધ્ધ. એકનું પ્રેરકબળ કલ્પના, જયારે બીજાનું સ્મરણ છે. એકની ભૂમિ ભવિષ્ય છે, જયારે બીજાનો ભૂતકાળ છે.

ફાધર વાલેસ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

યુવાન વિદ્યાર્થી ભાઈ-બહેનો !

આજે તમારી સાથે થોડી ગોષ્ઠી કરવી છે. વિચાર કરું છું તો લાગે છે કે, હું કેટલો સદ્ભાગી માણસ છું. બીરપુર (બાલાસિનોર)ની આર્ટ્સ કોલેજ, વડાલી આર્ટ્સ કોલેજ, ત્યારબાદ મોડાસાની આર્ટ્સ કોલેજમાં સેંકડો યુવાન વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓ સાથે શિક્ષણના વિચારોનું વાવેતર કરતો હતો ને હવે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના દોઢ લાખથી વધુ યુવાનોને સમજવાની, તેઓ સાથે કામ કરવાની અને તેઓનો જીવનલક્ષી અભિગમ કેળવાય એવું શૈક્ષણિક વાતાવરણ સર્જવાની તક પ્રાપ્ત થઈ છે.

યુવાન એટલે જેના ઘટમાં ઘોડા થનગને છે ને જેનું યૌવન પાંખો વીંઝીને આકાશને આંબવાની અને હિમાલયના શિખર ઉપર પહોંચવાની અભિલાષા ધરાવે છે. સાહસ એના શ્વાસે શ્વાસમાં હોય ને કોઈપણ કિંમત ચૂકવીને એ હિંમતને ટકાવી રાખે. સમસ્યાઓથી એ ગભરાય નહીં પણ સમસ્યાઓનું યોગ્ય સમાધાન મેળવે. જવાબદારીઓથી યુવાન દૂર ન ભાગે પણ જવાબદારીને પોતાના ખભા પર ઉઠાવે ને થાકે નહીં, હારે નહીં. કંઈક નવું વિચારે અને કંઈક ઉત્તમ સ્વીકારે તે યુવાન. યુવાનમાં કેવળ ભાવ ન હોય પણ ભાવોની ભરતી હોય. અજાણ્યા પ્રદેશમાં વિહરવા એ તલપાપડ હોય. યુવાની એટલે જીવનનો વસંત કાળ. રૂક્ષતાને ય પુષ્પોમાં પલટાવી દે તેનું નામ વસંત. વસંત આવે એટલે નમણી મધુમાલતી યે ખરબચડી - જડ ભીંતે ચડવા જીદે ચઢે. યૌવનનું કામ પણ આમ તો આવું જ. સપનાં જોવાનો આ સમય. પણ એક કવિએ લખ્યું છે તેમ :

"સપનાં
ઊગી નીકળે તો
વાવ્યાં કહેવાય
નહીંતર
દાટયાં કહેવાય."

સપનાં કેવાં જોવાં અને જોયેલાં સપનાંઓને કેવી રીતે સાકાર કરવા તેવી સમજ આપવાનું કામ શિક્ષણનું છે. માત્ર ભાગ્ય નહીં પણ કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી એ શીખવવાનું છે શિક્ષણે. સ્વામી વિવેકાનંદે કહયું હતું કે : "ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો." ઊઠો, જાગો અને ફરી પાછા ઊંઘી જાઓ એવું વિચારનારા સિધ્ધિ હાંસલ કરી શકતા નથી. બલકે હાંસીપાત્ર બને છે. આળસ રૂપી અજગરના ભરડામાં જે આવી જાય છે તેના નસીબનું પાંદડુ અકાળે ખરી જાય છે અને કાળની ગર્તામાં ગરક થઈ જાય છે, ખોવાઈ જાય છે.

યુવાન દોસ્તો, તમે માત્ર શિક્ષણ જ નથી મેળવી રહયા પરંતુ ઉચ્ચશિક્ષણ મેળવી રહયા છો. ઉચ્ચશિક્ષણ મેળવનારનું જીવન ઉચ્ચકક્ષાને ન પામે તો શિક્ષણ મેળવ્યું તે ફોગટમાં ગયું જાણવું. મધ્યકાળનો કવિ અખો કહે છે તેમ 'આંખનું કાજળ ગાલે ઘસ્યું' જેવો ઘાટ થાય. યૌવન બેધારી તલવાર હોવાનો મારો મત છે. શિક્ષણ દ્વારા તમારે તમારી પ્રતિભાને નિખારવાની છે. તમારી અંદર અપાર, અનહદ શકિતઓ છે એ કોઈ અવળા માર્ગે વળી-વહી ન જાય એની કાળજી તમારે રાખવાની છે. એ કાળજી રાખવામાં તમારું, તમારા પરિવારનું, તમારા સમાજનું, તમારા ગામ-પ્રદેશનું, રાષ્ટ્ર અને સમગ્ર માનવજાતનું કલ્યાણ સમાયેલું છે. માટે અને માટે જ કોલેજને મોજમસ્તિની જગ્યા ન માનશો. માટે અને માટે જ કોલેજકાળને જ્ઞાનના માધ્યમ દ્વારા સમજ કેળવી ઉન્નત બનાવવા મથજો. સાચવીને આત્મવિશ્વાસ સાથે ડગ ભરજો. આપનો કોલેજકાળ એ વિકરાળ ન બની જાય તેની તકેદારી રાખજો. જિંદગીનો પ્રત્યેક તબકકો આવીને બહુ ઝડપથી આંખ પાસેથી ઓજલ થઈ જતો હોય છે. વીજળીના ઝબકારાની માફક ! એ વીજળીના ઝબકારામાં જિંદગીનું મોતી તમે પરોવી લેજો. એ માટે મારા અને તમામ શિક્ષકોના શુભાશીર્વાદ તમારી સાથે છે.

૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## રેડિયો ટોક

યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં ચાલતાં માસ્ટર ઓફ સોશ્યલ વર્ક પ્રોગ્રામનાં આસી. પ્રોફે. રેખા.એન. મિસ્ત્રીએ, ૧૦મી સપ્ટેમ્બર 'વિશ્વ આપઘાત નિવારણ દિવસ'નાં સંદર્ભે તા. ૯-૧૦-૨૦૧૧ના રોજે સુરત FM 101.1 Mhz પર 'આત્મહત્યાનાં સામાજીક કારણો અને સુઝાવ' ઉપર 'ટોક' રજુ કરી હતી. તેમજ તા. ૧૦-૯-૨૦૧૧ના સમાચારપત્ર 'ગુજરાતમિત્ર'ની પૂર્તિ-સન્નારીમાં 'માનવ સંપત્તિને સાચવીએ' પર આર્ટીકલ પ્રકાશિત કર્યો હતો.

## વર્કશોપ

તા. ૧૦-૯-૨૦૧૧ના રોજ એમ.એસ. યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા ખાતે Developing Library Network, New Delhi અને The M.S. University of Baroda, Vadodara દ્વારા આયોજીત 'DELNET' : Resources, Services and Facilities' વિષય પરના એક દિવસીય વર્કશોપમાં યુનિવર્સિટી ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન, બી.જે. અંકુયા, ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રી એફ.એન. વસાવા અને બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સના ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

## સેમિનાર

કેન્દ્રિય ગ્રંથાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા તા. ૧૭-૧૦-૧૧ના રોજ "ડીજીટલ યુગમાં ગ્રંથાલયની ભૂમિકા" વિષય પરના યોજાયેલ રાજયકક્ષાના સેમિનારમાં ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન શ્રી બી.જે. અંકુયા તથા ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રી આર. કે. દેસાઈએ ભાગ લીધો. આ સેમિનારના પ્રથમ ટેકનિકલ સેશનમાં શ્રી બી.જે. અંકુયાએ ચેર પર્સનની ભૂમિકા પણ અદા કરી હતી.

## Recognition



Dr. Gaurav Shah, Coordinator of M.Sc. Biotechnology Course at University Campus is been recognised ass Supervisor for guiding Ph.D. Research Scholar/Master Course in the faculty of Science at Pacific Academy of Higher Education and Research University (PAHER), Udaipur. This approval is with effect from August-2011.

## વ્યાખ્યાન




યુનિવર્સિટી ખાતેના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં ભૌતિક શાસ્ત્ર વિભાગ અને ઈન્ડીયન એસોસીએશન ઓફ ફીઝીકસના સુરત ચેપ્ટરના સંયુકત ઉપક્રમે યોજાતી પ્રો. બી.આઈ. શેઠ એન્ડોવમેન્ટ ફંડ હેઠળ યોજાતી નોબેલ પ્રાઈઝ શ્રેણીની હેઠળ વર્ષ ૨૦૧૦માં ભૌતિકશાસ્ત્રમાં એનાયત થયેલ નોબેલ પ્રાઈઝના વિષય પર રસપ્રદ વ્યાખ્યાન યોજાયું હતું. વિભાગના અધ્યક્ષ અને ચેપ્ટરનાં ચેરમેન પ્રો. કિશોર પોરીયાએ સૌને આવકાર્યા હતા. અને નેનો ટેકનોલોજીના વિકાસથી માનવ સમાજને અનેક ક્ષેત્રે મહત્તમ ફાયદાઓ થયા છે, જેવાં કે કેન્સર થેરપી, ડ્રગથેરપી, ટેક્સ્ટાઈલ ક્ષેત્ર, વોટર પ્યુરીફાયરમાં જીનેટીક એન્જીનીયરીંગમાં બાળકનાં જન્મ પહેલા ખોડખાપણ દૂર કરી, જીનની ક્ષતિ નિવારવી વગેરે... ત્યારબાદ આઈ.આઈ.ટી., મુંબઈના ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર દિપનકુમાર ઘોષે પોતાના બૃહત વ્યાખ્યાનમાં વર્ષ ૨૦૧૦નું નોબલ પ્રાઈઝ નેનો ટેકનોલોજી માટે અતિ મહત્વનાં મટીરીયલ ગ્રાફેનની શોધને માટે એન્ડી ગેઈમ અને કોન્સ્ટેટીન નોવો સેલોવને સંયુકત રીતે આપવામાં આવેલુ હતું. ગ્રાફેન એ કાર્બનના બે રૂપો (૧) હીરો અને (૨) ગ્રેફાઈટમાંના ગ્રેફાઈટના સ્ફટીકી બંધારણમાના અનેક સ્તરોમાના એક માત્ર સ્તરવાળા મટીરીયલને ગ્રાફેન કહેવામાં આવે છે. તેમની મજબૂતાઈ સ્ટીલ કરતા પણ વધુ છે અને તેની વાહકતા સામાન્ય મેટલ કરતા અનેક ગણી વધારે છે. ગ્રાફેનના બંધારણ, તેની લાક્ષણિકતા સમજવા માટે કવોન્ટમ યંત્રશાસ્ત્રનો વ્યાપક ઉપયોગ થાય છે અને ડીરાકના કવોન્ટમ યંત્રશાસ્ત્રની મદદથી ગ્રાફેનની લાક્ષણિકતાઓ સરળ સ્વરૂપમાં તેઓએ સમજાવી હતી. મુંબઈ યુનિવર્સિટી અને આઈ.આઈ.ટી. મુંબઈમાં આ ક્ષેત્રમાં પાયાની કામગીરી થઈ રહી છે. તેમ તેઓએ જણાવ્યું હતું . આ વ્યાખ્યાનમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, આઈ.પી.એ.ના સભાસદો તથા ફંડના દાતા તથા પૂર્વ અધ્યક્ષ પ્રો. બી.આઈ. શેઠ, એસ.વી.એન.આઈ.ટી.ના પૂર્વ નિયામક પ્રો. કે.યુ.જોષી તથા મુંબઈથી કેન્દ્રિય કાર્યાલયના ડૉ. મોદી ખાસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. પૃથુલભાઈ દેસાઈ તથા આભારવિધિ ડૉ. અજય રાયે કરી હતી.

## નર્મદ જયંતી



યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ તથા અનુસ્નાતક કેન્દ્ર ગુજરાતી હિન્દીના સંયુકત ઉપક્રમે વીર નર્મદ જન્મ જયંતીના કાર્યક્રમ, કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની વિશેષ ઉપસ્થિતિમાં ઉજવાયો હતો. કુલપતિશ્રીના વરદ્ હસ્તે દીપપ્રાગટય વિધિ કરવામાં આવી હતી. તેઓશ્રીએ પોતાના પ્રાસંગિક વકતવ્યમાં આ ઉજવણી સાર્થક રીતે સાહિત્યના વિદ્યાર્થીઓ દ્વારા થઈ રહી છે, તેનો આનંદ પ્રગટ કર્યો હતો. નર્મદના અનેકવિધ નવપ્રસ્થાનની નોંધ લઈને વિદ્યાર્થીઓને વીર નર્મદ સાથે સંકળાયેલી યુનિવર્સિટીની ગરીમા અને ગૌરવ વધે તે માટે પુરૂષાર્થ કરવાની શીખ આપી હતી. કુલપતિશ્રીનું અભિવાદન અધ્યક્ષ ડૉ. દમયંતીબહેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નર્મદની ભાષામાં જ વિચારોનું ગદ્યાંશપઠન અને 'રામજાનકી દર્શન' તથા 'તુળજી વૈવિધ્ય ચરિત'ના બે દ્રશ્યોનું નાટયાંશપઠન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. વિપિનકુમાર કીકાણીએ કર્યું હતું.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા

S.P.B English Mediam College of Commerce, Surat. took part in the Veer Narmad South Gujarat University, Surat. inter collegiate Chess Tournament held at Navsari and bagged 4th Position and Ms. Palak Shah got selected for university team.

College Table Tennis (Women) team bagged the Veer Narmad South Gujarat University, Surat. inter collegiate Championship held at P. R. B College Bardoli on 23rd August 2011. Miss Chipia Zena got selected for the Veer Narmad South Gujarat University, Surat. team to participate at the All India Inter University Tournament to be held at Nagpur 2011.



જે.ઝેડ. શાહ આર્ટસ અને એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી દ્વારા સ્વર્ણિમ ગુજરાત અન્વયે સપ્તધારા આંતરકોલેજ દ્વિ-દશાબ્દિ મહોત્સવ અંતર્ગત આયોજીત પર્યાવરણ વકતૃત્વ સ્પર્ધામાં એસ.વાય.બી.એસસી. માં ભણતા મનિષ ડી. વઘાસિયાએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સમગ્ર કોલેજમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે તથા ડિવાઈન ઈન્ડિયા યુત એસોસિયેશન સુરત દ્વારા આયોજીત વિચારક્રાંતિ વકતૃત્વ સ્પર્ધામાં એફ.વાય.બી.એસસી. સેમેસ્ટર-૧માં ભણતા હેમંતકુમાર અતુલકુમાર યાજ્ઞિકે દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યા છે. કોલેજના પ્રિ. શ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ તથા સર્વે સ્ટાફમિત્રો તરફથી ખૂબ ખૂબ અભિનંદન.



શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના પ્રોત્સાહન થકી સીનીયર અધ્યાપક શ્રી અશોકભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં, સમિતિ અધ્યક્ષા પ્રા. ડૉ. દક્ષાબેન ઠાકોરના માર્ગદર્શન હેઠળ કોલેજના વિદ્યાર્થીઓ માટે દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૬ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લઈને સંગીત વાદ્યોના સહાયવર સૂરમાં ગીતો રજૂ કરીને ઉપસ્થિત સૌને આનંદિત કરી દીધા હતા. સ્પર્ધાના નિર્ણાયકાશ્રીઓ તરીકે કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડૉ. મીનાબેન શાહ તથા બાઈ આવાંબાઈ હાઈસ્કુલ વલસાડના સંગીત શિક્ષિકા કે જેઓ કલાયતન સંસ્થા, વલસાડ સાથે પણ જોડાયેલ છે તેમણે સેવા પૂરી પાડી હતી. આ સ્પર્ધામાં શ્રી રોમીન મહેતા પ્રથમ ક્રમે, કુ. શૈલી ઉપાધ્યાય દ્વિતીય ક્રમે કુ. પૂજા શાહ તથા કુ. કિરાંગી મોદી તૃતીય ક્રમે અને કુ. યામીની ટંડેલ આશ્વાસન ઈનામ માટે વિજેતા જાહેર થયા હતા. સર્વે વિજેતા સ્પર્ધક મિત્રોને તથા ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સમગ્ર કોલેજ પરિવારે હાર્દિક અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા.

વલસાડ કોમર્સ કોલેજમાં બેંક ઓફ બરોડા પુરસ્કૃત પર્યાવરણ જાળવણી અંગે જાગૃકતા આવે તે સંદર્ભે પાણી બચાવો વિષય પર તા. ૯-૯-૨૦૧૧ના રોજ વાદ્સમિતિના ઉપક્રમે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતના કાર્યકારી આચાર્ય પ્રા. એ.એન.ભટ્ટે ઉત્સાહવર્ધક વાતો કરી હતી. આ પ્રસંગે બેંક ઓફ બરોડાના મેનેજરશ્રી તથા અન્ય કર્મચારીગણ પણ પધાર્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતિ જે.પી. શ્રોફ આર્ટસ કોલેજના પ્રા. ડૉ. ગિરીશભાઈ પટેલ તેમજ પ્રા. ડૉ. રેણુકાબેન પરીખે સેવા આપી હતી. બેંક ઓફ બરોડા દ્વારા દરેક સ્પર્ધકને તેમજ પ્રથમ ત્રણ વિજેતા સ્પર્ધકોને ઈનામો અપાયા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ વાદ્સમિતિના ચેરમેન પ્રા. આર.પી. પટેલે કરી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષાગીત સ્પર્ધામાં ૨૦ તાલીમાર્થીએ ભાગ લીધો હતો. તેમા પ્રથમ ક્રમે શેખ સમીરા, દ્વિતીય ક્રમે પટેલ અંકિતા અને તૃતીય ક્રમે માલાણી પાયલ રહયા હતા. નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ઉમરાળીયા ભાવિષાબેન અને પ્રા. કૌશલભાઈ પારેખે ભજવી હતી. કાર્યક્રમનું સંચાલન રેવણે નમ્રતાબેને કર્યું હતું.

## ઊજવણી

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં ૮મી સપ્ટેમ્બરે વિશ્વસાક્ષરતા દિવસ હોવાથી સમૂહવાચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કોલેજના તમામ અધ્યાપકશ્રીઓ તથા તાલીમાર્થીમિત્રોએ આ દિવસે સમૂહવાચન કર્યું હતું. શિક્ષણમાં અને જીવનમાં ઉપયોગી એવા પુસ્તકો કોલેજની લાયબ્રેરીમાંથી પૂરા પાડવામાં આવ્યા હતા. આ માટે કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા લાયબ્રેરીયન શ્રી અશોકભાઈ રાઠોડના માર્ગદર્શન તળે આયોજન કર્યું હતું.

તા. ૫મી સપ્ટેમ્બરે નવયુગ સાયન્સ કોલેજમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. જેમાં કોલેજના વિવિધ વર્ગોમાં ભણતા કુલ ૪૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ ઉજવણીમાં ટી.વાય.બી.એસસી.માં ભણતા નિકુંજ મુછાળાએ સફળતાપૂર્વક પ્રિન્સીપાલની કામગીરી કરી હતી.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, વેસુ-ભરથાણામાં હિન્દી દિનની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમને અનુરૂપ ઈ.ચા. શ્રીમતી નયનાબેન ચૌહાણે પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું. આ કાર્યક્રમમાં અધ્યાપકમિત્રોનું સ્વાગત હિન્દીભાષાને લગતા પુસ્તકો દ્વારા કરવામાં આવ્યું. હિન્દી દિનને અનુરૂપ તાલીમાર્થીઓએ હિન્દી સાહિત્યકારો વિશેના વકતવ્યો, નાટક, કાવ્યો, સમૂહગીતો, દોહા, ભજન રજૂ કર્યા ઉપરાંત પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનું આયોજન અને માર્ગદર્શન ઈ.ચા. નયનાબેન ચૌહાણ તથા

પ્રા. અમૃતભાઈ વળવીએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી શિલ્પાબેન બારડ અને જીજ્ઞાસાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમની આભારવિધિ ગામીત ટીનાએ કરી હતી.

ભારતનાં પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મજયંતિ નિમિત્તે વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં 'શિક્ષક દિન' ઉજવાયો હતો. કુલ ચાલીસ વિદ્યાર્થી ભાઈ બહેનોએ એફ.વાય.બી.કોમ. થી લઈને એમ.કોમ. સુધીનાં પિરિયડ લઈને શિક્ષકો પ્રત્યે સન્માન વ્યકત કર્યું હતું. આ દિવસે આચાર્ય તરીકે કુ.યામિની ટંડેલે સેવા આપી હતી. ચાલુ વર્ષે કોલેજમાંથી સેવા નિવૃત્ત થયેલ ઉપાચાર્ય શ્રી વી.એમ. કેવત તથા પી.ટી.આઈ શ્રીમતી સુશીલાબેન દેસાઈનું શાલ અને પુસ્તક પુષ્પ દ્વારા અનુક્રમે શ્રી પ્રિ. ડૉ. જે.એમ. નાયક તથા વરિષ્ઠ અધ્યાપક શ્રી એ.એન. ભટ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કુ. રિદ્ધી દેસાઈએ કર્યું હતું. શિક્ષક દિને, કોલેજ શિક્ષકની ભૂમિકા ભજવનાર વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષક તરીકે અનુભવો વર્ણવ્યા હતા અને કાર્યક્રમ અંગે વિધેયાત્મક પ્રતિભાવ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ એન.એસ.એસ.ના ઉપક્રમે આયોજિત થયો હતો. વ્યવસ્થાકીય કામગીરી પ્રોગ્રામ ઓફિસર પ્રા. ટી.જી. પટેલ, પ્રા. આર.આર. પટેલ તથા પ્રા. કે.સી. પટેલે સાંભળી હતી.

વલસાડ કોમર્સ કોલેજમાં વીર કવિ નર્મદ જન્મજયંતિની ઉજવણી વાદ્સમિતિના ઉપક્રમે તા. ૨૫-૮-૨૦૧૧ના રોજ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એમ.એસ.યુનિ.ના ગુજરાતી વિભાગમાં રીડર તરીકે સેવા આપતા ડૉ. ભરતભાઈ મહેતાનું વીર નર્મદના જીવનચરિત્ર સાહિત્ય અને સમાજ સુધારણા ક્ષેત્રે પ્રદાન વિષય ઉપર પ્રવચનનું આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વિદ્યાર્થીઓને ઉત્સાહવર્ધક વાતો કરી હતી. કોલેજ આવા અનેકવિધ કાર્યક્રમો કરે છે. તેમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો અને પોતાનો જીવનવિકાસ કરવાનું સૂચવ્યુ હતું. ડૉ. ભરતભાઈ મહેતાએ વિદ્યાર્થીઓ વીર નર્મદને જાણે સમજે અને તે વિશે વિચારે તેવા આશયથી સમાજ ઉપયોગી પ્રદાનના ઉદાહરણો આપી સુંદર મનનીય પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ વાદ્સમતિના ચેરમેન પ્રા. આર.પી. પટેલે કરી હતી.



જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી.એન. પંડ્યા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં 'હિન્દી દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરાના પ્રા. ડૉ. શબીહાબાનુ શેખ ઉપસ્થિત રહયા હતા. જેમણે તાલીમાર્થીઓને હિન્દી ભાષાના પ્રચાર, પ્રસાર તથા તેની જાળવણીની જવાબદારી અંગે સભાન કર્યા. તાલીમાર્થીઓએ પણ વિવિધ હિન્દી સાહિત્યની કૃતિઓ - નાટક, કાવ્ય, દોહા, વકતવ્ય રજૂ કરી 'રાષ્ટ્રભાષા દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરી. આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન પ્રા. વૃંદાબેન સુરતી દ્વારા અપાયું તથા કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી રાઠોડ સોનલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, ઘોડ દોડ રોડ, સુરતમાં તા. ૧૪-૦૯-૨૦૧૧ના રોજ 'હિન્દી દિવસ'ની ઊજવણી કરવામાં આવી હતી. સંસ્થાના માનદ્મંત્રીશ્રી મનહરભાઈ ચૌહાણે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. 'હિન્દી દિવસ'ના ઉજવણી પ્રસંગ દોહા-હિન્દી ગીત, હિન્દી સાહિત્યનો પરિચય-નાટ વગેરે કૃતિઓ રજૂ થઈ હતી. પ્રસંગને ઉચિત પ્રા. રાકેશભાઈ પટેલે ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમ વિશે ઈ. પ્રિ. શિશિરભાઈ ટંડેલે પ્રતિભાવ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી રાકેશ પટેલે કર્યું હતું.

જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં નર્મદ જયંતિ નિમિત્તે 'ગુજરાતી દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે શ્રીમતી ડૉ. રેખાબેન ભટ્ટ, શ્રી જયંતિભાઈ પટેલ, શ્રીમતી પ્રજ્ઞાબેન પટેલ, તથા ટ્રસ્ટીશ્રી એન.એસ. પંડયા સાહેબ ઉપસ્થિત રહયા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં ગુજરાતી પધ્ધતિના તાલીમાર્થીઓએ ગુજરાતી નાટક, ગરબો, ગઝલ, લોકગીત જેવી કૃતિઓ દ્વારા કોલેજમાં એક નાનકડું ગુજરાત ખડું કરી દીધું હતું. અતિથિવિશેષ શ્રીમતી રેખાબેન ભટ્ટએ પોતાની આગવી શૈલીમાં ગુજરાતી સાહિત્યકારોનું રસપાન કરાવી તાલીમાર્થીઓને માતૃભાષા સંવર્ધન કરવા હાંકલ કરી હતી. કાર્યક્રમ અંગેનું સમગ્ર માર્ગદર્શન પ્રા. જાગૃતિબેન પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું અને કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની રાઠોડ સોનલ તથા મિશ્રા મનિષા દ્વારા કરવામાં આવ્યું હતું.

## શિબિર

શાહ એન.એચ. કોમર્સ કોલેજ તથા જુનીયર ચેમ્બર ઈન્ટરનેશનલ વલસાડના સંયુકત ઉપક્રમે કોમર્સ કોલેજ ખાતે કોલેજના વિદ્યાર્થીઓ માટે વ્યકિતત્વ વિકાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોલેજના પસંદગી પામેલ ૬૦ વિદ્યાર્થીઓને સતત બે દિવસ દરમ્યાન તાલીમ પુરી પાડવામાં આવનાર છે. ઉદ્‌ઘાટન સમારેહમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયક દ્વારા સ્વાગત પ્રવચન તથા પ્રાસંગિક ઉદ્‌બોધન આપવામાં આવ્યું હતું. તથા રિસોર્સ પર્સનનો પરિચય પ્રા. રશ્મીબેન પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. તથા જે.સી.આઈના પ્રમુખ શ્રી ડૉ. પીનેશ મોદી દ્વારા વિદ્યાર્થીઓ આ ટ્રેનીંગ પ્રોગ્રામનો મહત્વ લાભ લે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. શિબિરના પ્રથમ દિવસે વકતા જેસી. દિપેશ શાહ કે જેમણે "પર્સનલ ગ્રમીંગ" વિષય પર નવું વિચારવાની ક્ષમતા પર ભાર મૂકયો હતો. ત્યારબાદ જેસી. પ્રિતેશ પટેલ દ્વારા "ઈમોશનલ મેનેજમેન્ટ" વિષય પર વિગતે ચર્ચા કરી હતી. તથા છેલ્લા સેશનમાં જેસી. સ્મીતા મિસ્ત્રી દ્વારા "લીટરશીપ ડેવલપમેન્ટ" વિષય પર વિદ્યાર્થીઓને રમત રમાડી લીડરનું મહત્વ અને આપણા દેશમાં તેની જરૂરિયાત અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. કાર્યક્રમનું સંચાલન યુથ રેડક્રોસના કાઉન્સલેર પ્રા. રશ્મીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના પ્રમુખપદે, લાયબ્રેરી સમિતિ ચેરમેન પ્રા. એ.એન. ભટ્ટ સંચાલિત, વિચાર વાચન શિબિરમાં કુલ ૬૦ વિદ્યાર્થીઓ રસપૂર્વક અને ઉત્સાહભેર જોડાયા હતા. શિબિરની પ્રથમ સેશનમાં રિસોર્સ પર્સન તરીકે 'વાંચે ગુજરાત' સમૃતિગ્રંથના સંપાદક મંડળના સભ્ય ડૉ. નિવ્યાબેન પટેલે પ્રેરક પ્રવચન કરતાં પુસ્તક વાચનનું જીવનમાં મહત્વ, શું વાંચવું, કેવી રીતે વાંચવું., તે સમજાવ્યું, જ્ઞાન અને આનંદ આપે તેવું વાચન, તાદત્મ્ય સાથે વાચન, મૂક વાચન, સમૂહ વાચન, ફેમિલી રીડીંગ કલબ વગેરે દેશ-વિદેશના ઉદાહરણ સાથે સમજાવી,

વિદ્યાર્થીઓને વાંચન, ચિંતન, મનન અને તે દ્વારા જીવન ઘડતરનો અનુરોધ કર્યો હતો. બીજી સેશનમાં, વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના રીડર પ્રા. ડૉ. ભરતભાઈ મહેતાએ રિસોર્સ પર્સન તરીકે શિબિરાર્થીઓ સમક્ષ "મારી કેફીયત" સ્વરૂપે સઉદાહરણ રજુઅતો કરી, જીવનમાં વાચનની ઉપયોગિતા પર પ્રકાશ પાડયો હતો. તેઓએ સાહિત્ય અને ફિલ્મ જગતના ઉદાહરણો આપી વાંચનની રીત સમજાવતાં, પુસ્તક સાથે પોતાના અનુભવો અને ખુલ્લા મને ક્રિટીકલ રીડીંગ કરવાની ભલામણ કરી, વિચાર પ્રેરક વાચનનો અનુરોધ કર્યો હતો પંડિત નહેરુના ઈન્દીરાને પત્રો, ગાંધીજીનું પત્ર લેખનપત્રો, જીવનચરિત્રો, આત્મકથાઓ, નવલકથા, કાવ્યસંગ્રહ વગેરે વાંચન પર ભાર મૂકતાં જણાવ્યું કે, પુસ્તક વાચન એ 'માનવ-ઘડતરની પ્રક્રિયા' છે. સારાં પુસ્તકો જ્ઞાન આપે છે. સંસ્કાર આપે છે, જે માનવીને અન્ય પ્રાણીથી જુદો પાડે છે. 'એક ગામ દીઠ, એક ગ્રંથાલય'ની પણ હિમાયત કરી હતી. શિબિરમાં, રસપ્રદ પ્રશ્નોતરી થઈ હતી અને શિબિરાર્થીઓ તરફથી વિધેયાત્મક પ્રતિસાદ સાંપડયો હતો. પ્રા. એ.એન.ભટ્ટે આભારવિધિ કર્યા બાદ, રાષ્ટ્રગીતના ગાન સાથે એક દિવસીય શિબિર સંપન્ન થયો હતો.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં રોટરી કલબ ઓફ બલસારના સૌજન્યથી તા. ૧૩-૭-૨૦૧૧ થી તા. ૧૬-૭-૨૦૧૧ દરમ્યાન લાઈફ સ્કીલ ટ્રેનીંગ પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કુલ ૫૭ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ખૂબ જ ઉત્સાહભર ભાગ લીધો હતો. રોટરી કલબના સીનીયર ટ્રેઈનર શ્રી અક્ષયભાઈ વકીલ કે જેઓ છેલ્લા દશ વર્ષથી આ ક્ષેત્રમાં જોડાયેલ છે તેમણે ભાગ લેનાર શિબિરાર્થીઓને કોમ્યુનીકેશન સ્કીલ લેવલ-૧ અને ૨, ટાઈમ મેનેજમેન્ટ, ડીસીઝન મેઈકીંગ તથા ગોલ સેટિંગ જેવા વિષયો ઉપર જરૂરી માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ રસભર આ શિબિરને માણ્યો હતો અને ચાર દિવસ દરમ્યાન કશુંક જીવન જીવવા જરૂરી માર્ગદર્શન મેળવી શકયાનો આનંદ વ્યકત કર્યો હતો. શિબિરાર્થીઓને પ્રિ. ડૉ. જે.એમ. નાયક, પ્રો, એ.એન. ભટ્ટ, પ્રા. ડૉ. ડી.જી. ઠાકોર અને પ્રો. એમ.જી. પટેલે જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરૂં પાડયું હતું.

## એન.એસ.એસ.



તા. ૦૯-૦૮-૧૧ના રોજ શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વાપીમાં બી.એ.ના પ્રથમ સેમ.ના એન.એસ.એસ.માં નવા જાડાયેલા વિદ્યાર્થીઓનો એક દિવસીય પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવ્યો હતો. આ શિબિરમાં ૨૩૧ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ શિબિરના અતિથિવિશેષ પદે પ્રિ. ડૉ. હેમાલી દેસાઈ હાજર રહયા હતા. શ્રી ઊર્મિલ દેસાઈ (ગાયત્રી ચેતના કેન્દ્ર, વલસાડ)એ 'પર્યાવરણ સુરક્ષામાં એન.એસ.એસ.નો ફાળો' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. પ્રા. ડૉ. ભરત પરીખે એન.એસ.એસ. વર્તમાન સંદર્ભે વિષય પર વ્યાખ્યાન આવ્યું હતું. પ્રા. ડૉ. દિનકર ટંડેલે એન.એસ.એસ.નાં ગીતો ગવડાવ્યા હતા. આ શિબિરમાં ઈ.પ્રિ. ડૉ. રશ્મિબેન દેસાઈ, પ્રા. પી.ઝેડ. દેસાઈ, પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ પ્રા. ડૉ. એ.બી.પટેલ, પ્રા. બી.સી. સાબલે પ્રા. ડૉ. કે.બી. પરીખ તથા પ્રા. જે.જે. વશીએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ દ્વારા બી.એ.ના પ્રથમ સેમેસ્ટરમાં નવા પ્રવેશ મેળવેલા અને એન.એસ.એસ.માં જોડાયેલા વિદ્યાર્થીઓનો એક પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવ્યો હતો. આ શિબિરમાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને રાષ્ટ્રની સેવા કરવા સંકલ્પબધ્ધ થયા હતા. આ શિબિરનું અતિથિવિશેષ પદ પ્રિ. ડૉ. હેમાલી દેસાઈએ શોભાવ્યું હતું. આ શિબિરમાં ગાયત્રીચેતના કેન્દ્ર, વલસાડના સક્રિય સભ્ય ઊર્મિલ દેસાઈ, પ્રા. ડૉ. ભરત પરીખ તથા પ્રા. ડૉ. દિનકર ટંડેલે પ્રેરક વ્યાખ્યાનો આપ્યા હતાં. આ કાર્યક્રમના આયોજન-સંચાલનમાં ઈ.પ્રિ. ડૉ. રશ્મિબેન દેસાઈ, પ્રા. પી.ઝેડ. દેસાઈ, પ્રોગ્રામ આફિસરશ્રીઓ પ્રા. ડૉ. એ.બી. પટેલ, પ્રા. બી.સી. સાબલે, પ્રા. ડૉ. કીર્તિદા પરીખ તથા પ્રા. જિજ્ઞા વશીએ મહત્વની ભૂમિકા ભજવી હતી.



એફ.વાય.બી.કોમ.ના એન.એસ.એસ.માં નવા જોડાયેલા વિદ્યાર્થીઓ એન.એસ.એસ.ને જાણે, સમજે અને ક્રિયાન્વિત કરે તેવા આશયથી કુલ ૬૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોનો ઓરીએન્ટેશન કાર્યક્રમ અત્રેની શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વક્તા તરીકે શ્રી યોગેશ દેસાઈ અને શ્રી ભરત ભંડારીએ સેવા આપી હતી. તેમણે આ યોજનામાં જોડાવાથી થતા ફાયદાઓ અને યોજનામાં થતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. અને વિદ્યાર્થીના વ્યકિતત્વ વિકાસ માટે આ યોજના એકદમ બંધબેસતી છે તેમ જણાવ્યું હતું. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે એન.એસ.એસ.માં જોડયેલા વિદ્યાર્થીઓ કોલેજમાં અલગ તરી આવવો જોઈએ તેવી શીખ આપી કોલેજને આ યોજનાના વિદ્યાર્થીઓ નામ અપાવશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નોત્તરી અને ફીડબેક આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન પ્રોગ્રામ ઓફીસર પ્રા. ટી.જી. પટેલ, પ્રા. આર.આર. પટેલ અને પ્રા. કે.સી. પટેલનું માર્ગદર્શન રહયું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. યુનિટ દ્વારા વલસાડ રકતદાન કેન્દ્રના સહયોગથી એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થી ભાઈ બહેનોએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપતાં કુલ ૧૫૩ યુનિટ એકત્ર કરી વલસાડ રકતદાન કેન્દ્રને સુપરત કર્યું હતું. હાલમાં રોગચાળા ગ્રસ્ત વાતાવરણમાં રકતની ખૂબ જ માંગ હોય છે તે ધ્યાનમાં લઈ વિદ્યાર્થીઓને દરેક વર્ગમાં પ્રિ ડૉ. જે.એમ. નાયક, ડૉ. વિશાલ મહેતા તથા પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. ટી.જી. પટેલ, પ્રા. આર.આર. પટેલ તથા પ્રા. કે.સી. પટેલ દ્વારા કેમ્પેઈન કરી બ્લડ ડોનેશન માટે પ્રોત્સાહિત કર્યા હતા. તથા દરેક વર્ગમાં જે તે અધ્યાપકોએ પણ જરૂરી માર્ગદર્શન પૂરું પાડતા સફળ બ્લડ ડોનેશન કેમ્પનો માહોલ ઉભો થયો હતો. વ્યવસ્થાકીય બાબતો એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓ તથા

યુનિયનનાં સભ્યોએ સંભાળી હતી. દરેક રકતદાતાઓ આ ઉમદા કાર્ય માટે અભિનંદનના અધિકારી બન્યા છે તથા સમાજ માટે ઉદાહરણરૂપ બન્યા છે.

શાહ એન.એસ.એસ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. યુનિટ દ્વારા ગાયત્રી પરિવાર વલસાડના સહયોગથી પારનેરા ડુંગર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વાદળછાયા ખુશનુમા વાતાવરણ વચ્ચે ઐતિહાસિક અને ધાર્મિકમહત્વ ધરાવતા પારનેરા ડુંગરની ઢોળાવ વાળી ટેકરીઓમાં એન.એસ.એસ.ના કુલ ૧૪૯ સ્વયંસેવકો જેમાં વિદ્યાર્થિની બહેનો ૭૦ તથા વિદ્યાર્થી ભાઈઓ ૭૯ની સંખ્યા વચ્ચે સૌ પ્રથમ હારબંધ કતારમાં છોડ રોપણના સ્થળે લઈ જઈ કુલ ૨,૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરી વિદ્યાર્થીઓએ પર્યાવરણલક્ષી પદાર્થપાઠનો સામાજિક સંદેશ પાઠવ્યો હતો. સૌ પ્રથમ ગાયત્રી પરિવારના શ્રી મહેન્દ્રભાઈએ પર્યાવરણની જાળવણી અંગે વિદ્યાર્થીઓને સમજણ આપી તેઓ કેવું મહાન કાર્ય કરવા જઈ રહયા છે. ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા ૨૦૦૦ જેટલા રોપાઓ ઉદવાડા ફાર્મમાંથી પારનેરા ડુંગર ઉપર પહોંચાડી ઉમદા કાર્યમાં સહયોગ આપ્યો હતો. આ કાર્ય નિર્વિઘ્ને સંપન્ન થયા તે માટે આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના વડપણ હેઠળ પ્રોગ્રામ ઓફિસર પ્રા. ટી.જી. પટેલ, પ્રા. આર.આર. પટેલ, પ્રા. કે.સી. પટેલ તથા ગાયત્રી પરિવારના પચ્ચીસ જેટલા સભ્યોએ યથકિંચીત ફાળો આપ્યો હતો.

## સેમિનાર

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં કોલેજના વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે તા. ૨૫-૮-૨૦૧૧ના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલાદિન શતાબ્દી ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં સ્ત્રી-સશકિતકરણ' વિષય ઉપર કોલેજમાં એક દિવસીય સેમિનાર યોજાયો હતો. આ સેમિનારના રીસોર્સ પર્સન તરીકે મીનાક્ષીબેન પી. જોષી અને ઓલ ઈન્ડિયા મહિલા સાંસ્કૃતિક સંગઠનના ગુજરાત શાખાના કન્વીનર છે તેઓ ઉપસ્થિત રહયા હતા. ડૉ. નિવ્યા પટેલ, પ્રાધ્યાપક, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આણંદ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓના ઉત્સાહને વધાર્યો હતો. આચાર્ય ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન અને પ્રોત્સાહન થકી આકાર લઈ ચૂકેલા આ કાર્યક્રમનું સંચાલન સેલ અધ્યક્ષા પ્રા. ડૉ. દક્ષા ઠાકોરે કર્યું હતું. કાર્યક્રમ દરમ્યાન આંતરરાષ્ટ્રીય મહિલાદનિની ઉજવણીના અસ્તિત્વ વિષયક, સ્ત્રી સ્વાતંત્ર્ય ચળવળ સંબંધી બાબતોની તથા આતંરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણીના જયારે આજે સો વર્ષ પૂરા થયા છે ત્યારે આ ૧૦૦ વર્ષમાં સ્ત્રીઓમાં આવેલ જાગૃતિ તથા સ્ત્રીઓની પ્રગતિ ઉપર ચર્ચા-પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. પ્રસંગ અનુરૂપ પોસ્ટર સ્લાઈડ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું વકતાશ્રીએ ખૂબ જ સરળ અને રસમય શૈલીમાં સ્ત્રીઓને જે પણ સ્વતંત્ર્યતા પ્રાપ્ત થઈ છે તેની પાછળ રહેલા ભવ્ય ઐતિહાસિક ભૂતકાળના સંસ્મરણો તાજા કર્યા હતા અને ઉપસ્થિત સૌ કોઈને પણ કરાવ્યા હતા. અને એ ઉદાહરણોને સતત ધ્યાનમાં આખી પોતાના તરફ આવતી મુશ્કેલીઓનો હિંમતભેર સામનો કઈ રીતે કરી શકાય તે બાબતની સમજૂતી આપી હતી. વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો જાહેરમાં વર્ણવ્યા હતા અને એવા અનુભવોમાંથી કેવી રીતે બહાર નીકળી શકાય તે બાબતની સમૂતી આપી હતી વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો જાહેરમાં વર્ણવ્યા હતા અને એવા અનુભવોમાંથી કેવી રીતે બહાર નીકળી શકાય તે બાબતની સમજૂતી આપી હતી. શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ મિત્રોને સતત સાથ અને સહકાર થકી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

વિદ્યાર્થીઓ જાહેરમાં અસરકારક રીતે બોલતા થાય તે માટે ઉપયોગી માર્ગદર્શન મળી રહે તેવા આશયથી એક સેમિનારનું આયોજન શાહ એન.એચ.કોમર્સ કોલેજ વલસાડ ખાતે કરવામાં આવ્યું હતું. વિષય સંદર્ભે બે તજજ્ઞો શ્રી રીતેશ દીક્ષિત તથા ડૉ. ભરત પરીખે વિદ્યાર્થીઓને વિવિધ ઉદાહરણો અને મુદ્દાઓ ટાંકી વિદ્યાર્થીઓને બોલવું અને તે પણ અસરકારક કેવી રીતે બોલવું તે સમજાવ્યું હતું. આખા દિવસ દરમ્યાન આ વિષય સંદર્ભે વ્યાખ્યાન અને પ્રશ્નોત્તરી દ્વારા સેમિનાર રસપ્રદ બનાવાયો હતો. સેમિનારની શરૂઆતમાં વિષયનુ પ્રસ્તુતતા અંગે પ્રોજેકટ ચેરમેન પ્રા. આર.પી. પટેલે પૂર્વભૂમિકા બાંધી સૌને આવકાર આપ્યો હતો. જયારે સંસ્થાના વડા પ્રિ. ડૉ. જે.એમ. નાયકે કોલેજમાં થનાર વિવિધ સેમિનારમાં વિદ્યાર્થીઓના ઉત્સાહને બિરદાવી આજના સેમિનારમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને સેમિનારનો પૂરેપૂરો લાભ લેવ અનુરોધ કર્યો હતો. સેમિનારમાં કુલ ૬૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ટ્રેનિંગ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં યુથ રેડક્રોસ યુનિટના ઉપક્રમે ડીઝાસ્ટર રેસ્કયુ ટ્રેનીંગ અંગેના સેમિનારનું આયોજન સફળતાપૂર્વક થયું. આ સેમિનારનો કોલેજના સાંઠ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. આ સેમિનારને ખુલ્લો મૂકતાં આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે જણાવ્યું હતું કે આવી તાલીમ થકી માનવ સર્જીત અને કુદરતી આપત્તિ વખતે વિદ્યાર્થીઓ ગભરાઈ ન જતાં ઉત્તમ ભૂમિકા ભજવી શકે છે. સેમિનારમાં ભાગ લેનાર તમામને શુભેચ્છા પાઠવી હતી. આ સેમિનારમાં રિસોર્સ પર્સન તરીકે વલસાડ સરકારી ઓફિસમાંથી ડિઝાસ્ટર ડિપાર્ટમેન્ટના શ્રીમતિ વર્ષાબેન પટેલે સેવા આપી હતી. સેમિનારમાં ડિઝાસ્ટરને લગતાં પોસ્ટરનું પ્રદર્શન પણ યોજાયું હતું. ફાયર બ્રિગેડની દ્વારા તાલીમાર્થીઓ સમક્ષ ડેમોસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું. આ સેમિનારના ઉદ્‌ઘાટન સમારેહમાં ઈકોનેમિકસ ડિપાર્ટમેન્ટના વડા પ્રો.બી.એન. દેસાઈએ હાજર રહી સેમિનાર તજજ્ઞ વર્ષાબેનનું પુસ્તકરૂપી પુષ્પથી સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન યુથ રેડક્રોસ કાઉન્સેલર પ્રો. રશ્મીબેન પટેલે કર્યું હતું.

## ઈન્ટરવ્યુ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે ચાલતા વ્યવસાયલક્ષી માર્ગદર્શન કેન્દ્રના ઉપક્રમે તા. ૧૮-૭-૨૦૧૧ના રોજ આઈડિયા સેલ્યુલર લિ. વાપી એકમમાં જુદી જુદી પોષ્ટ માટે કર્મચારીઓની ભરતી કરવાના હેતુથી કોલેજના લાયબ્રેરી હોલમાં કેમ્પસ ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યું હતું. કોલેજમાં અભ્યાસ કરતા ટી.વાય.બી.કોમ. અને એમ.કોમ.ના વિદ્યાર્થી ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર આ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ભાગ લીધો હતો. આઈડિયા લિ. માંથી વિષય નિષ્ણાંત તરીકે શ્રી નિલેશ લલવાની અને શ્રી ધર્મેશ સોલંકી ઈન્ટરવ્યુ લેવાની પ્રક્રિયામાં હાજર રહયા હતા. ઈન્ટરવ્યુ લેવાના આ પ્રથમ તબકકામાં કોલેજમાંથી કુલ ૧૬ જેટલા ઉમેદવારો પસંદગી પામ્યા હતા. કોલેજના ડૉ. જે.એમ. નાયકે તથા પ્રો. એમ.જી. પટેલે આપનાર ઉમેદવારોને માર્ગદર્શન કરી ખૂબ જ પ્રોત્સાહન પુરૂં પાડયું હતું. સમગ્ર વ્યવસ્થા પ્રા. એમ.જી. પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## શ્રધ્ધાંજલિ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓને નૂતન ચીલા ચાતરીને અનુકરણીય ઉદાહરણ પૂરૂં પાડયું છે. તદ્‌અનુસાર કોલેજમાં અભ્યાસ કરતી ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની પૂનમ પટેલનું અકસ્માતમાં અવસાન થતાં શૈક્ષણિક કાર્ય બંધ ન કરતા

સમગ્ર દિવસ દરમ્યાન શૈક્ષણિક કાર્ય ચાલુ રાખીને બે મિનિટનું મૌન પાડીને સદ્‌ગતના આત્માને સાચી શ્રધ્ધાંજલી આપી હતી. નૂતન અભિગમ અપનાવવા માટે કોલેજના આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક દ્વારા વિદ્યાર્થીઓને દરખાસ્ત કરવામાં આવી હતી કે જો સદ્‌ગતની સ્મૃતિ કાયમ માટે જાળવી રાખવી હોય તો દરેક વિદ્યાર્થીના રૂા. પાંચ જેવા સ્વૈચ્છિક ફાળાથી રૂા. ૧૦,૦૦૦/-નું ભંડોળની ઝોળી ફક્ત એક જ દિવસમાં છલકાવીને અનોખું ઉદાહરણ પૂરું પાડીને નવો રાહ ચીંધ્યો છે એટલું જ નહીં યુવાનોમાં શ્રધ્ધા ગુમાવવા જેવી નથી અને આજના યુવાન-યુવતીઓને સાચું અને સચોટ માર્ગદર્શન અને દિશાસૂચન મળે તો આ જ યુવાનો થકી ઘણાં બધા હકારાત્મક કામો થઈ શકે છે અને આવતી કાલના રળિયામણા સમાજનું નિર્માણ પણ થઈ શકે છે એની પ્રતિતી કરાવી છે.

## મુલાકાત

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ તા. ૯-૯-૨૦૧૧ના રોજ ગુજરાત સરકારશ્રીના ચલો કોલેજ અભિયાન અંતર્ગત કે.સી.જી.ની ટીમ કોલેજની મુલાકાતે આવી હતી. રૂબરૂ મુલાકાત બાદ ટીમના સભ્યોએ સંતોષની લાગણી વ્યકત કરી હતી આચાર્ય ડૉ. જે.એમ. નાયકે કોલેજની ગતિવિધિનો ચિતાર એસેમ્બ્લીમાં રજૂ કરવામાં આવ્યો હતો. આચાર્યશ્રી અને પ્રો. એ.એન. ભટ્ટે મહેમાનોનું પુસ્તક પુષ્પથી સ્વાગત કર્યું હતું. ડૉ. મીનાબેન શાહે કવીઝનું સંચાલન કર્યું હતું. સાંસ્કૃતિક સમિતિ અને ગીત સંગીત ધારાના રૂપક્રમે ગણેશ વંદના, મોનો એકટીંગ, ડાન્સ જેવી કૃતિઓ રજૂ થઈ હતી જયારે વ્યાયામ ખેલકૂદ, ધારા અંતર્ગત કરાટેના દાવ રજૂ થયા હતા. પ્રા. એમ.જી. પટેલે સપ્તધારા અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. સરકારશ્રીની યોજનાઓની સીડી વિદ્યાર્થીઓને બતાવવામાં આવી હતી. કે.સી.જી. ટીમના ડૉ. પંડયાએ કોલેજે જે નવી નવી પહેલ કરીને નૂતન અભિગતમ અપનાવ્યો તેની સરાહના કરી હતી. ડૉ. ઠાકરે પણ પોતાના વકતવ્યમાં કોલેજની પ્રવૃત્તિઓથી અભિભૂત થઈને અમો પણ અહીંથી કંઈક નવું લઈને જઈએ છીએ એમ જણાવ્યું હતું. એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ એસેમબ્લી હોલમાં શિસ્તની જાળવણી, ડૉ. દક્ષાબેન ઠાકોરે આભારવિધિ અને પ્રો. કે.આર. ભાવસારે કાર્યક્રમનું સુપેરે સંચાલન કર્યું હતું.

## માર્ગદર્શન

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૪-૯-૨૦૧૧ના રોજ વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગરના સયોગથી ચોત્રીસમી જનરલ નોલેજ અને આઈ-કયુ શિષ્યવૃતિ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં સામાન્ય જ્ઞાન, બુધ્ધિચાતુર્ય, અવલોકન શકિત, ભાષા, ગણિત જેવા વિષયને લગતા ઓબ્જેકટીવ ટાઈપના ૧૨૦ જેટલા પ્રશ્નો પૂછવમાં આવ્યા હતા. આ પરીક્ષામાં મેરીટ સ્થાન મેળવનાર વિદ્યાર્થી ભાઈ બહેનોને રૂા. ૨૫૦ થી રૂા. ૨૦૦૦ સુધીની શિષ્ણાવૃત્તિ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક અભિગમ ખીલવવાના હેતુથી યોજાયેલ આ પરીક્ષાની તૈયારી માટેની પુસ્તિકાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક અને સ્ટાફમિત્રો દ્વારા પરીક્ષાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, ઘોડદોડ રોડ, સુરતમાં તારીખ ૧૫-૯-૨૦૧૧ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના ઓસોસિએટ પ્રોફેસર ડૉ. રાજેન્દ્ર બી. પટેલે ''જીવનને શોધવા માટેનો આંતરિક માર્ગ'' વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું. વિષયને કેન્દ્રમાં રાખી વિશદ્ ચર્ચા કરી હતી. પરિચય વિધિ પ્રા. જીજ્ઞેશભાઈ રાઠોડે કરી હતી. આવકાર પ્રવચન ઈ. પ્રિ. શ્રી શશિરભાઈ જી. ટંડેલે કર્યું હતું. આભાર વિધ પ્રા. કમલેશ ડામોરે કરી હતી.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં શ્રીમતી પ્રજ્ઞાબેન વશીનું 'દરેકને એક ખૂણો હોવો જોઈએ' એ વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં તેમણે હાસ્ય ગઝલો અને કાવ્યો રજુ કર્યા હતા. ઈ.ચા.પ્રિ. નયનાબેન ચૌહાણે આવકાર પ્રવચન આપ્યું હતું.

## સ્થાપના દિવસ



ધી એજયુકેશન પ્રોગ્રેસીવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ એજયુકેશન ખરોડનો એકવીસમો સ્થાપના દિવસ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના અધ્યક્ષપદે તથા કોલેજ ટ્રસ્ટના પ્રમુખશ્રી આરીફભાઈ વજીફદાર અને ટ્રસ્ટના મંત્રીશ્રી મહંમદભાઈ ભૈયાતના અતિથિ વિશેષપદે યોજાઈ ગયો તા. ૫ મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ શિક્ષક દિવસ નિમિત્તે શરૂ થયેલી કોલેજની શિક્ષણયાત્રા સફળતાપૂર્વક તેના વીસ વર્ષો પૂર્ણ કરીને એકવીસમાં વર્ષમાં પ્રવેશી જેમાં તાલીમાર્થીઓએ ''વીણા પાણિ સરસ્વતીકુંતવ ચરણે આવ્યો છું...'' એ પ્રાર્થના રજૂ કરી હતી. પ્રાર્થના બાદ તાલીમાર્થીની તૃપ્તિબેન પાડવીએ સ્વાગત નૃત્ય રજૂ કર્યું હતું અને મહેમાનોને નૃત્ય દ્વારા આવકાર્યા હતા. આ પ્રસંગે તાલીમાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજએ પાવર પાઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સંસ્થા પરિચય આપ્યો હતો અને સંસ્થાની ગતિવિધિઓનો ચિતાર આપ્યો હતો. મહેમાનોને આવકારીને પુસ્તક પુષ્પોથી સ્વાગત કર્યું હતું. પ્રા. ડૉ. ઈન્તેખાબ અનસારીએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. ટ્રસ્ટના મંત્રીશ્રી મહંમદભાઈ ભૈયાતે આ પ્રસંગે જૂના સંસ્મરણો વાગોળ્યા હતા અને સંસ્થાના તેના એકવીસમાં વર્ષમાં પ્રવેશ ટાણે પ્રસન્નતા અને ઊંડા પારિતોષની લાગણી વ્યકત કરી હતી. શિક્ષક દિનની ઉજવણી, કોલેજનો સ્થાપના પર્વોત્સવ અને કોલેજના વાર્ષિક મુખપત્ર 'ઉત્કર્ષ'ના વીસમાં અંકનું વિમોચન એવા ત્રિવિધ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરએ મનનીય વિચારો પ્રસ્તુત કર્યા હતા. એમણે 'લઘુમતિ' સંસ્થામાં સરસ્વતી માતાનો અને ડૉ. રાધાકૃષ્ણનનો ફોટો જોવા મળે એ બાબતની નોંધ લઈ કોલેજના ટ્રસ્ટીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. જો કે એમણે 'લઘુમતિ' અને 'બહુમતિ' એવા શબ્દોના પ્રચલન વિશે પોતાની વ્યથા પણ વ્યકત કરી હતી. એમણે કોલેજના 'ટ્રસ્ટી'ઓને સાચા અર્થમાં 'દ્રસ્ટિ'વાળા કહીને બિરદાવ્યા હતા. એમણે કહયું હતું કે આજે ઘણા બધા એવા 'ટ્રસ્ટી'ઓ હોય છે, જેમની પાસે 'દ્રષ્ટિ' જ હોતી નથી ! વર્તમાન સમયમાં થયેલા શિક્ષણના પ્રચાર અને પ્રસાર સંદર્ભે એમણે પોતાનો રાજીપો પ્રગટ કર્યો હતો. પરંતુ સાથોસાથ 'લેભાગુ' સંસ્થાઓની વધેલી સંખ્યા અંગે એમણે વેધક કટાક્ષ પણ કર્યો હતો. એમણે કહયું હતું કે હવે તો ખેતરોમાં કોલેજો ઉગી નીકળી છે... ખેતરોમાં 'પાક' ઉગવાને બદલે હવે 'કોલેજો' છે એ આપણા માટે

લાલબત્તી સમાન છે. એમણે વિવિધ ઉદાહરણો દ્વારા વૃધ્ધિ અને વિકાસ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો હતો. શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા વધે પણ જો એમાં ગુણવત્તા ન જળવાય તો અનેક પ્રશ્નો ઊભા થાય એ વાત પર એમણે વિશેષ ધ્યાન દોર્યું હતું. શિક્ષણનું સમાજમાં ખૂબ મહત્વ છે. પરંતુ શિક્ષણ દ્વારા વાસ્તવમાં જે થવું જોઈએ એ નથી થઈ રહયું એ અંગે એમણે પોતાનો બળાવો ઠાલવ્યો હતો. એમણે રહયું હતું કે શિક્ષણ દ્વારા માણસ સંવેદનશીલ બનવો જોઈએ. એનામાં ભાવના જાગ્રત થવી જોઈએ, એના બદલે માનવી વધુ લાગણીહિન થઈ ગયો છે. માણસે, સાચા અર્થમાં માણસ બનવું જોઈએ અને માણસને, માણસ બનાવવાનું કાર્ય શિક્ષણનું છે. શિક્ષણ મેળવીને માનવી જ્ઞાની બને એ કરતા સંવેદનશીલ બને એ વધારે મહત્વની વાત છે. એમણે ઉર્દૂના એક શાયરનો શેર ટાંકતા કહયું હતું કે,

કયા કયા બનાને આયે થે કયા કયા બના બૈઠે,
કહીં મંદિર બના બૈઠે, કહી મસ્જિદ બના બૈઠે,
અરે, તુમસે તો વો પરીન્દે અચ્છે,
કભી મંદિર પે જા બૈઠે, કભી મસ્જિદ પે જા બૈઠે...

એમણે પોતાના વકતવ્ય દરમિયાન ધાર્મિક સહિષ્ણુતા કેળવવા પર ભાર મૂકયો હતો. એમણે એ દિવસની કલ્પના કરી હતી કે જયારે મંદિરમાંથી કુર્આનની આયાતનો અવાજ આવતો હોય અને મસ્જિદમાંથી સંસ્કૃતના શ્લોકના પાઠનો અવાજ આવતો હોય ! ડૉ. દક્ષેશભાઈ ઠાકરે કોલેજમાં અનુભવાયેલી પારિવારીક ભાવનાને બિરદાવી હતી અને તાલીમાર્થીઓ ભવિષ્યમાં સારા શિક્ષક બને એવી અપેક્ષા પણ વ્યકત કરી હતી. પોતાના સંવેદનપૂર્ણ વિચારોથી એમણે સૌને વિચારતા કરી દીધા હતા. અંતે આભારવિધિ પ્રા. ડો. જયંતભાઈ શાહે કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી વિકાસભાઈ પટેલ અને ઝેબાબેન કૂડવાલાએ કર્યું હતું.

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અધતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**Research Database on Ayurveda, other Traditional Medicine and Related Science. Vol-I to 4.**

Central Council for Research in Ayurveda and Siddha, Department of Ayush, Ministry of Health and Family Welfare, Government of India. New Delhi, 2010.

આ ગ્રંથ કુલ ચાર ભાગમાં વિભાજિત છે. આ ગ્રંથમાં પરંપરાથી ચાલી આવતી આરોગ્યની પ્રાચીન પધ્ધતિઓ પૈકી આયુર્વેદ, સિધ્ધા, યુનાની, યોગા અને નેચરોપેથી અને અન્ય પારંપરિક દવાઓ અને તે સંબંધિત વિજ્ઞાનનો સંશોધિત ડેટાબેઝ ઉપલબ્ધ છે. આ પધ્ધતિઓમાં સંશોધન થયેલ ડેટાબેઝને વેબ પર પણ ઉપલબ્ધ છે. આ સંશોધનો ઈન્સ્ટીટયૂટ ઓફ ઈન્ડિયન મેડીકલ હેરીટેઝ, હૈદરાબાદ અને અધિકૃત રીતે પ્રસિધ્ધ થયેલ અન્ય વ્યકિતગત સંસ્થાઓ વૈજ્ઞાનિકો, શિક્ષણકારો, ઉદ્યોગો અને વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવેલ સંશોધનોનો ડેટાબેઝ આ ગ્રંથમાં સમાવિષ્ટ પામે છે.

આ ગ્રંથમાં સમાવિષ્ટ પામતો ડેટાબેઝ મેડીકલ વ્યવસાયિકો, વૈજ્ઞાનિકો, શિક્ષણકારો, ઉદ્યોગો, યુનિવર્સિટીઓ પાસેથી નિયત કરેલ નમૂનામાં પ્રાપ્ત કરીને ગ્રંથસ્થ કરવામાં આવેલ છે. જેમાં અનુસ્નાતક કક્ષાએ અને પીએચ.ડી. કક્ષાએ થયેલા સંશોધન કાર્યોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આ ડેટાબેઝ પીએચ.ડી., એમ.ડી., એકેડેમિક થીસીસ, ડિઝરટેશન કાર્યને Abstract ID, Folder number, Serial Number, Abstract title, Abstract title in English equivalent, Name of the scholar, Name of the guide, Name of the co-guide, Department, Institution, University, Year, Enrollment number, Language, Study, Subject of study, Any other, Abstract જેવા વિભાગોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે. જયારે જર્નલ્સ અને બુલેટિનમાં પ્રસિધ્ધ થયેલ સંશોધનલેખોને પણ ઉપર દર્શાવેલ ક્રમ અનુસાર ગોઠવવામાં આવેલ છે. તદ્પરાંત આ ગ્રંથમાં ઓનલાઈન રિસર્ચ ડેટાબેઝનો ઉપયોગ કરવા માટે યુઝર મેન્યુઅલ, મેડીકલ પ્લાન્ટસ, મેટલસ, મિનરલ, એનીમલ, અને મરીન પ્રોડકટની યાદી પણ ઉપલબ્ધ છે.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

ભારત હજુ પણ હજારો-લાખો ગ્રેજયુએટો ઠાલવી જ રહયું છે. આ ગ્રેજયુએટસનું ઉત્પાદન એટલું પ્રચંડ છે કે કોઈ ઉદ્યોગ હાલમાં તેને સમાવી શકે તેમ નથી. દર વર્ષે એવા તો હજારો ગ્રેજયુએટસ બહાર પડતા હોય છે, જેઓ કદીએ આપણા કાર્યાલયના દરવાજા ખખડાવતા નથી. હાલના આ સમય કરતાં કેટલાયે સમય અગાઉથી ભારતમાં ગ્રેજયુએટોના ઉત્પાદનની આ પ્રક્રિયા ચાલતી જ આવી છે. પરંતુ આપણો આ ઉદ્યોગ સાવ નવો જ ગણી શકાય. વાસ્તવમાં ભારત તો પ્રતિભાઓનો દેશ છે.

ફ્રાન્સિસ્કો ડી'સોઝા (કોગ્નીજન્ટ ટેકનોલોજીના સીઈઓ)

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com